# બારડોલી–વ્યારા–ભરૂચ

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

બારડોલી : ૦૨૬૨૨-૨૨૦૪૮૪ | ભરૂચ : ૯૪૮૪૯૯૬૩૨૪





## ભરૂચ ભાજપમાં 'ઈન-આઉટ'ની રમત: 6 બળવાખોરની ઘરવાપસી

**તો** અંકલેશ્વરમાં ભાજપનું કડક વલણ, પૂર્વ નગરસેવક દંપતી પક્ષમાંથી બહાર

ભરૂચઃ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની અણી પર ભરૂચ જિલ્લાના રાજકારણમાં જોરદાર હલચલ મચી ગઈ છે. જિલ્લા ભાજપ પ્રમુખ પ્રકાશ મોદીએ એક તરફ શિસ્તભંગના કેસમાં સસ્પેન્ડ કરાયેલા 6 દિગ્ગજ નેતાઓનો સસ્પેન્શન રદ કરી તેમને પક્ષમાં ઘરવાપસી કરાવી છે, તો બીજી તરફ અંકલેશ્વરના પૂર્વ નગરસેવક દંપતીને શિસ્તનો ડામ ફેરવતા પક્ષમાંથી બહારનો રસ્તો બતાવી દીધો છે.

સપ્ટેમ્બર-2025માં ભરૂચની દુધધારા ડેરીની ચૂંટણી વખતે ભાજપમાં ભારે ભંગાણ જોવા મળ્યું હતું. તત્કાલીન પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલના મેન્ડેટ સામે બળવો કરીને છ આગેવાનોએ પક્ષના જ ઉમેદવારો સામે ચૂંટણી લડી હતી. ખાસ કરીને નર્મદા જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ ઘનશ્યામ પટેલ સામે વાગરાના ધારાસભ્ય અરૂણસિંહ રણાએ પોતાની પેનલ ઉતારી હતી. જો કે, બળવાખોરોની પેનલને ડેરી ચૂંટણીમાં હારનો સામનો કરવો પડ્યો હતો. ત્યારબાદ જિલ્લા પ્રમુખે તેમને સસ્પેન્ડ કર્યા હતા. હવે અચાનક સસ્પેન્શન રદ થતાં રાજકીય ચર્ચાઓને બળ મળ્યું છે. આ નેતાઓમાં શાંતાબહેન પટેલ, વિનોદ પટેલ, જીગ્નેશ પટેલ, જગદીશ પટેલ, હેમંતસિંહ રાજ અને નટવર પરમારનો સમાવેશ થાય છે. બીજી તરફ અંકલેશ્વરમાં ભાજપે સખત વલણ અપનાવતાં અંકલેશ્વર નગરપાલિકાની ચૂંટણીમાં પક્ષની પેનલ સામે અપક્ષ ઉમેદવારી કરનાર પૂર્વ નગરસેવક નીતિન વકીલ અને તેમના પત્ની નયના વકીલને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દીધા છે.



બોર સુકાયો ને ખાડી ખાલીખમ

### સેંગપુર ગામમાં પાણીની ભયંકર કટોકટી: છેલ્લા 15 દિવસથી ગામમાં પાણીનો પુરવઠો સંપૂર્ણપણે બંધ થઈ જતાં આશરે 3,500 જેટલી વસતી તરસી, આંદોલનની ચીમકી

## જળ માટે તરસે 'જન'

» ઘરકામ છોડી પાણી શોધવા નીકળતી મહિલાઓ, ખાડી પણ સુકાઈ જતાં ગામ વિકલ્પ વગરનું બન્યું » તલ, ઘઉં અને શેરડીનો પાક નહેરના અભાવે સુકાયો, જગતનો તાત આર્થિક સંકડામણની ગર્તામાં

અંકલેશ્વર, ભરૂચઃ ભરઉનાળે અંકલેશ્વર તાલુકાના સેંગપુર ગામમાં પીવાના પાણીની સમસ્યાએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે. છેલ્લા 15 દિવસથી ગામમાં પાણીનો પુરવઠો સંપૂર્ણપણે બંધ થઈ જતાં આશરે 3,500 જેટલી વસતી તરસી ઊઠી છે. પંચાયતનો એકમાત્ર બોર સુકાઈ ગયો હોવા છતાં જવાબદાર તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી ન થતાં ગ્રામજનોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. હવે આક્રોશ આંદોલનમાં પરિણમે તેવી સ્થિતિ ઊભી થઈ છે.

સેંગપુર ગામમાં પંચાયત દ્વારા બનાવવામાં આવેલો 160 ફૂટ ઊંડો એકમાત્ર બોરવેલ જ પાણીનો મુખ્ય આધાર હતો.

પરંતુ પાણીનો તળ નીચે ઊતરી જતાં તે સંપૂર્ણપણે નિષ્ક્રિય બની ગયો છે. ગ્રામજનોના આક્ષેપ મુજબ વર્ષોથી આ બોરમાં માત્ર 60 ફૂટ સુધી જ પંપ મૂકવામાં આવ્યો હતો, જ્યારે હાલની જરૂરિયાત મુજબ બોર ઊંડો કરવા કે કોમ્પ્રેસર મારવાની કોઈ કાર્યવાહી તંત્ર દ્વારા થઈ નથી.



પ્રવીણ તેરૈયા

વધુમાં, ગામ નજીકથી પસાર થતી ખાડી પાણીનો વૈકલ્પિક સ્ત્રોત હતી, પરંતુ નદીનું પાણી બંધ થતાં તે પણ સુકાઈ ગઈ છે.

પરિણામે ગામ સંપૂર્ણપણે પાણીવિહોણું બન્યું છે. મહિલાઓને પીવાના પાણી સહિત દૈનિક જરૂરિયાતો માટે દૂર-દૂર સુધી ભટકવાનો વારો આવ્યો છે. પાણીની કટોકટીએ ખેતીને પણ ભારે નુકસાન પહોંચાડ્યું છે. આશરે 300 વીઘાં વિસ્તારમાં તલ, ઘઉં અને શેરડીના પાકોને નહેરનું પાણી ન મળતાં ખેડૂતો આર્થિક સંકડામણમાં મુકાયા છે. વર્ષોથી પાણીની સમસ્યાનો સામનો કરી રહેલા ગ્રામજનોએ અનેકવાર ઉચ્ચ સ્તરે રજૂઆતો કરી હોવા છતાં સ્થાયી ઉકેલ ન આવ્યો હોવાનો આક્ષેપ કર્યો છે. ગ્રામજનોએ ચેતવણી આપી છે કે, જો તાત્કાલિક પાણીનો પુરવઠો શરૂ નહીં થાય, તો આવનારા દિવસોમાં તેઓ રસ્તા પર ઊતરી આંદોલન કરશે.

## અંકલેશ્વર પાલિકાના વોર્ડ નં-1ના અપક્ષ ઉમેદવાર સામે છેડતીની ફરિયાદ

**પ્રવીણ** મોદી ઉર્ફે માસ્ટર સહિત 8 શખ્સ સામે ગુનો નોંધાયો

અંકલેશ્વરઃ અંકલેશ્વર નગર સેવાસદનની ચૂંટણી દરમિયાન રાજકીય માહોલ ગરમાયો છે. ત્યારે વોર્ડ નંબર-1માંથી અપક્ષ ઉમેદવારી નોંધાવનાર પ્રવીણ મોદી ઉર્ફે માસ્ટર સામે છેડતી અને જાતીય સતામણીની ગંભીર ફરિયાદ નોંધાતાં રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચી ગયો છે.

અંકલેશ્વર એ ડિવિઝન પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ મુજબ એક શિક્ષિકાએ આક્ષેપ કર્યો છે કે, વર્ષ-2017થી 2022 દરમિયાન પ્રવીણ મોદીએ તેની સામે અયોગ્ય માંગણીઓ કરી હતી. ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે માંગણીઓને નકારી કાઢતાં શિક્ષિકાને માનસિક રીતે હેરાન કરવામાં આવી હતી તેમજ શિક્ષણ વિભાગમાં ખોટી અરજી કરાવી દબાણ બનાવવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો હતો. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર આ મામલે પ્રવીણ મોદી ઉપરાંત ભદ્રેશ પટેલ સહિત કુલ આઠ લોકો સામે ગુનો નોંધાયો છે. અંકલેશ્વર એ ડિવિઝન પોલીસે ફરિયાદના આધારે કાર્યવાહી હાથ ધરી આગળની તપાસ શરૂ કરી છે.

**પોલીસે સત્તાવાર જાણ કરી નથી: પ્રવીણ મોદી**

આક્ષેપોને લઈ પ્રવીણ મોદીએ ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, તેમને હજુ સુધી પોલીસ તરફથી કોઈ સત્તાવાર જાણ કરવામાં આવી નથી અને નોંધાયેલી ફરિયાદ રાજકીય ષડયંત્રનો ભાગ હોવાનું તેમણે જણાવ્યું છે. પોલીસ તપાસ ચાલુ હોવાથી સમગ્ર મામલે હકીકત તપાસ પૂર્ણ થયા બાદ જ સ્પષ્ટ થવાની શક્યતા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### નેત્રંગના પૂર્વ ટીડીઓનું અવસાન



નેત્રંગઃ વાલિયા ખાતે આવેલ માર્ગ-મકાન વિભાગમાં, વાલિયા તાલુકા પંચાયતમાં શિક્ષણ વિભાગમાં તેમજ નેત્રંગ તાલુકા પંચાયતમાં ટીડીઓ તરીકે ફરજ બજાવી નિવૃત્ત થયેલા મૂળ વાલિયાના ડહેલીના વતની હાલ વાલિયા ખાતે રહેતા ગજેન્દ્રસિંહ ઉર્ફે મટુકાકા અંબાપ્રસાદ આડમારનું તા.૧૪ના રોજ ટૂંકી માંદગી બાદ અવસાન થયું છે. સદગતની અંતિમયાત્રામાં સહ કર્મચારીગણ, ડહેલી ગામના ગામજનો સહિત વાલિયા તાલુકા રાજપૂત સમાજના લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા.

### ઘરકામના વિવાદમાં ઘર છોડનાર કિશોરીનું પરિવાર સાથે સુખદ મિલન

ભરૂચઃ ભરૂચ રેલવે સ્ટેશન પરથી મળી આવેલી બિહારની 15 વર્ષીય કિશોરીને 'સખી વન સ્ટોપ સેન્ટર' દ્વારા આશ્રય અપાયો હતો. માતા-પિતા સાથે ઘરકામ બાબતે થયેલા ઝઘડાથી કંટાળી તે ઘરેથી નીકળી ગઈ હતી. સેન્ટર દ્વારા કાઉન્સેલિંગ અને પિતાનો સંપર્ક કરી, જરૂરી આધાર પુરાવાની ચકાસણી બાદ કિશોરીનું પરિવાર સાથે સુખદ મિલન કરાવવામાં આવ્યું હતું.

### કડોદમાં પ્રથમવાર જલારામ મંદિરનો ભંડારો બંધ

બારડોલીઃ બારડોલીના કડોદ ગામમાં આવેલ સુપ્રસિદ્ધ જલારામ મંદિરમાં છેલ્લા ત્રણ દાયકાથી ચાલી આવતી ભોજન સેવાની પરંપરા પર બ્રેક વાગી છે. છેલ્લાં 30 વર્ષથી દર ગુરુવારે શ્રદ્ધાળુઓ માટે અવિરત ચાલતો ભંડારો ગેસ સિલિન્ડરના અભાવે બંધ રાખવાની ફરજ પડી છે. મંદિરના ઇતિહાસમાં આ પ્રકારની ઘટના પ્રથમ વખત બની હોવાનું જાણવા મળી રહ્યું છે. મંદિરના મંત્રી સંજયભાઈ ભાવસારે આ અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, હાલમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરની ભારે અછત પ્રવર્તી રહી છે. પૂરતા પ્રયત્નો કરવા છતાં સિલિન્ડર ઉપલબ્ધ ન થતાં આખરે ભારે હૈયે ભંડારો રદ કરવાનો નિર્ણય લેવો પડ્યો છે. બીજી તરફ આ મામલે સ્થાનિક રહીશોમાં ઉગ્ર ચર્ચાઓ જાગી છે. સેવાકીય પ્રવૃત્તિ માટે જાણીતા આ મંદિરનો ભંડારો અચાનક બંધ થતાં શ્રદ્ધાળુઓમાં નિરાશા વ્યાપી છે. વહીવટી તંત્ર અને નેતાઓ આ બાબતે દરમિયાનગીરી કરી વહેલી તકે ગેસની સુવિધા સુનિશ્ચિત કરે તેવી માંગ ઊઠી છે.

### વડોલી ચેકપોસ્ટ પરથી ફરાર આરોપી ઝડપાયો

કીમઃ કીમ પોલીસે પાસા હેઠળ ફરાર આરોપીની ધરપકડ કરી જેલ હવાલે કર્યો છે. પોલીસને ખાનગી બાતમી મળી હતી કે પાસા હેઠળ ફરાર આરોપી ઓલપાડથી હાસોટ તરફ ખાનગી વાહનમાં પસાર થવાનો છે. બાતમીના આધારે પોલીસ દ્વારા વોચ ગોઠવી આરોપીને ચેકપોસ્ટ નજીક અટકાવી પૂછપરછ કરતાં તેણે પોતાનું નામ દિપકભાઈ ફતેલાલ શાહ (ઉં.વ.૩૨, રહે., નાના વરાછા, સુરત) હોવાનું જણાવ્યું હતું. આરોપી સામે અગાઉથી અનેક ચોરી અને વિદ્યુત ચોરીના ગુનાઓ નોંધાયેલા હોવાથી તેની સામે પાસા હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસે આરોપીને અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવી છે. આરોપી સામે સુરત ગ્રામ્ય અને આસપાસના વિસ્તારોમાં કુલ ૨૦થી વધુ ગુનાઓ નોંધાયેલા છે.

### ભરૂચમાં રીઢો તસ્કર મુદ્દામાલ સાથે ઝડપાયો

ભરૂચઃ ભરૂચ સી-ડિવિઝન પોલીસે ઝાડેશ્વર ચોકડી પાસેથી રીઢા ઘરફોડ ચોર ઉમેશ બગડિયા અને તેના સાગરીતોને ઝડપી પાડી ૧.૭૧ લાખનો મુદ્દામાલ રિકવર કર્યો છે. પેટ્રોલિંગ દરમિયાન શંકાસ્પદ મોટરસાઇકલ સાથે પકડાયેલા ઉમેશે ચાવજ ગામની બે સોસાયટીમાં કરેલી ચોરીની કબૂલાત કરી હતી. પોલીસે તેની પાસેથી સોના-ચાંદીના દાગીના અને બાઇક મળી કુલ ૧,૭૧,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. તપાસમાં બહાર આવ્યું છે કે, મુખ્ય આરોપી ઉમેશ સામે અંકલેશ્વર, ભરૂચ અને ઓલપાડમાં અગાઉ ૧૪ જેટલા ગુના નોંધાયેલા છે. પોલીસે આ મામલે સહ-આરોપી અનમોલ સિંહ અને દિવ્યેશ યાદવની પણ ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### અસ્તાન રેલવે ઓવરબ્રિજ ઊતરતા જ રોડથી ઊંચી ચેમ્બર વાહન ચાલકો માટે જોખમી



બારડોલીઃ બારડોલીમાં ગત મહિને ખુલ્લા મૂકવામાં આવેલા રેલવે ઓવરબ્રિજની કામગીરીમાં અનેક ક્ષતિઓ જોવા મળી રહી છે. અસ્તાન તરફ બ્રિજ ઊતરતા જ રસ્તામાં ગટરની ચેમ્બર વાહન ચાલકો માટે જોખમી બની છે. રોડ કરતાં ઊંચી આ ચેમ્બરને નીચી કરવામાં નહીં આવે તો મોટો અકસ્માત થવાની સંભાવના છે. નજીકમાં શાળા પણ આવેલી હોય વિદ્યાર્થીઓની પણ અવરજવર રહે છે. ત્યારે વહેલી તકે આ ચેમ્બરનું રિપેરિંગ કામ કરવામાં આવે તેવી માંગ ઊઠી રહી છે.

### અકસ્માત કેસમાં ટ્રક ચાલકનો નિર્દોષ છૂટકારો

હથોડાઃ કીમ ચાર રસ્તાથી કીમ વચ્ચે નવાપરા માર્ગ પર જીજે 05 બીએક્સ 8552 નંબરની હાઇવા ટ્રકના ચાલક સંજયકુમાર યાદવે પૂરપાટ ઝડપે અને ગફલતભરી રીતે ટ્રક હંકારીને અકસ્માત સર્જ્યો હતો, જેમાં અમિન્દર રામબાબુ સહાની નામના યુવાનનું મોત થયું હતું. આ બનાવની ફરિયાદ કોસંબા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. કોસંબા પોલીસ દ્વારા બીએનએસની કલમ-281, 106 (૧) અને એમબી એક્ટની કલમ-177 અને 184 મુજબ ગુનો નોંધવામાં આવ્યો હતો. આ કેસ ઇન્સાફી કાર્યવાહી માટે માંગરોળ કોર્ટમાં ચાલી જતાં બચાઉ પક્ષના વકીલ એમ.એસ.અલલી અને શાહિદ બી.પઠાણે આરોપી તરફે બચાઉ પક્ષે ધારદાર દલીલો કરી હતી. જેને ગ્રાહ્ય રાખી માંગરોળ કોર્ટે આરોપીને નિર્દોષ જાહેર કરી છોડી મૂકવાનો હુકમ કર્યો હતો.

## ભાઈની ભવાઈ: કડોદરામાં પ્રેમલગ્નની અદાવત રાખી બહેનને કરંટ આપ્યો!

**ભાઈએ** સાસરિયા પર ગાડી ચઢાવી હત્યાનો પ્રયાસ કર્યો

પલસાણાઃ સુરત ગ્રામ્યના કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશનમાં પ્રેમલગ્નના ગેરવ્યાજબી વિરોધમાં બહેન અને તેના સાસરિયા પર જીવલેણ હુમલો કરવાની ફરિયાદ નોંધાઈ છે. ગત ફેબ્રુઆરી માસમાં ફરિયાદી રેનુએ રાજાકુમાર ઝા સાથે પ્રેમલગ્ન કર્યાં હતાં, જે તેના ભાઈ અરુણસિંગ ચૌધરીને પસંદ નહોતા. આ અદાવતમાં ભાઈએ તેના મિત્રો સાથે મળી બહેનના ઘરમાં ઘૂસી આતંક મચાવ્યો હતો.

ફરિયાદ મુજબ ૧૪ એપ્રિલના રોજ બપોરે જ્યારે ફરિયાદી તેના સાસુ-સસરા સાથે ઘરે હતી, ત્યારે તેનો ભાઈ અરુણસિંગ, મિત્ર દીપકસિંગ રાજપૂત અને દેવેન્દ્રસિંગ ચૌધરી જબરદસ્તી ઘરમાં ઘૂસી આવ્યા હતા. અરુણસિંગે ઈલેક્ટ્રિક ટોર્ચ વડે બહેનને કરંટ આપ્યો હતો.

જ્યારે અન્ય આરોપીએ પરિવાર પર સ્પ્રે છાંટી ગાળાગાળી કરી હતી. આરોપીઓએ ફરિયાદીને ઉઠાવી જવાની અને બળાત્કાર કરવાની ધમકી આપી ઝપાઝપી કરી હતી. આ ઘટના દરમિયાન સોનાના દાગીના પણ ખોવાઈ ગયા હતા. આ બનાવ બાદ સાંજે જ્યારે ફરિયાદી પક્ષ સમજાવવા માટે પિતાના ઘરે પહોંચ્યો, ત્યારે આરોપી અરુણસિંગ સફેદ રંગની ડસ્ટર ગાડી નં.(GJ-19 AM-9453) પૂરઝડપે હંકારી લાવ્યો હતો. તેણે જાણી જોઈને આ ગાડી ફરિયાદીના દિયર અને સાસુ પર ચઢાવવાનો પ્રયાસ કર્યો હતો, જેમાં રસ્તામાં પાર્ક કરેલાં વાહનો અથડાતાં બે રાહદારી સહિત પરિવારના સભ્યોને ઈજાઓ પહોંચી હતી. કડોદરા પોલીસે આ મામલે બી.એન.એસ.ની વિવિધ કલમો હેઠળ અરુણસિંગ નેત્રપાળસિંગ ચૌધરી, દેવેન્દ્રસિંગ ચૌધરી અને દીપકસિંગ રાજપૂત સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## વાંકાનેર ગામના NRIના બેન્ક ખાતામાંથી 37.15 લાખ ગાયબ

**એનઆરઆઇ** ભારત આવ્યા ત્યારે ખબર પડતાં પોલીસને જાણ કરી

બારડોલીઃ બારડોલીના વાંકાનેર ગામના એનઆરઆઈના બેન્ક ખાતામાંથી સાત મહિનામાં અલગ અલગ માધ્યમથી 37.15 લાખ રૂપિયા ઉપડી જતાં બારડોલી ગ્રામ્ય પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

આ અંગે મળતી માહિતી અનુસાર મૂળ બારડોલીના વાંકાનેર ગામના વતની અને વર્ષોથી યુ.એસ.એ.ની ફિનિક્સ સિટીમાં સ્થાયી થયેલ ભરતભાઈ મગનભાઈ પટેલ (ઉં.વ.76) નિવૃત્ત જીવન ગુજારે છે અને અવારનવાર વાંકાનેર આવતા જતાં રહે છે. ગત વર્ષે ભારત આવ્યા ત્યારે તેમના બેન્ક ઑફ બરોડા, વાંકાનેર શાખામાં રૂ.38.70 લાખ રૂપિયા જમા હતા તેઓ 17મી માર્ચ-2025ના રોજ વિદેશ જતા રહ્યા હતા અને તેમના મિત્ર દિલીપભાઈ ભવાનભાઈ પટેલ (રહે.,વાંકાનેર, હીરાવાડી, તા.બારડોલી, જિ.સુરત) ને બાકી રકમનો રૂ.2.50 લાખનો ચેક આપ્યો હતો. દરમિયાન ફેબ્રુઆરી-2026માં ભરતભાઈ વિદેશથી પરત ભારત આવ્યા હતા અને 8મી એપ્રિલના રોજ બેન્કમાં નાણાં ઉપાડવા જતાં તેમના બેન્કમાં ફક્ત 344.12 રૂપિયા જમા હતા. આથી તેમણે સ્ટેટમેન્ટ કઢાવતા તેમના ખાતામાંથી 12મી માર્ચ-2025થી 20મી ઓક્ટોબર-2025 દરમિયાન યુપીઆઈ, એટીએમ, આરટીજીએસ અને એનઈએફટી મારફતે આ રકમ કોઈકે ઉપાડી લીધી હતી. તેમની સાથે છેતરપિંડી થઈ હોય આ મામલે તેમણે ઓનલાઈન ફરિયાદ કર્યા બાદ મંગળવારના રોજ બારડોલી ગ્રામ્ય પોલીસ મથકમાં ફરિયાદ આપી હતી.

### કોલીયાદમાં પરિણીતાને ત્રાસ, છ સામે ફરિયાદ

ભરૂચઃ ભરૂચ શહેરના શુકુન બંગ્લોઝમાં રહેતાં ૩૧ વર્ષીય રુકસાનાબેન પટેલે પતિ અને સાસરિયાના શારીરિક-માનસિક ત્રાસ બદલ પોલીસ ફરિયાદ નોંધાવી છે. વર્ષ-૨૦૧૨માં લગ્નગ્રંથિથી જોડાયેલાં રુકસાનાબેનને નજીવી બાબતોમાં અવારનવાર ઝઘડા કરી હેરાન કરવામાં આવતાં હતાં. તાજેતરમાં પડોશીને શાકભાજી આપવા જેવી સામાન્ય બાબતે થયેલા વિવાદમાં પતિ ઈમ્તીયાઝે પરિણીતાનું ગળું દબાવી ઢીકાપાટુનો માર માર્યો હતો. તો નણંદ સુલ્તાનાબેન સાદિકભાઈ પટેલ, જેઠ ઈમરાન મુસા પટેલ, જેઠ ઈરફાન મુસા પટેલ, જેઠાણી રાબિયા ઈમરાન પટેલ અને જેઠાણી રઝીયાબેન ઈરફાન પટેલે પણ ફરિયાદીને ગાળો બોલી માર માર્યો હતો. ઈજાગ્રસ્ત પરિણીતાને સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. અંતે, પીડિતાએ ભરૂચ પોલીસ સ્ટેશનમાં 6 સામે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## અંકલેશ્વરમાં 16મા એઆઈએ ઈન્ડસ્ટ્રિયલ એક્સ્પોનો પ્રારંભ

**125થી** વધુ ઇન્ડસ્ટ્રિયલ સ્ટોલ આકર્ષણનું કેન્દ્ર, ૧૮ એપ્રિલ સુધી પ્રદર્શન ચાલશે

અંકલેશ્વરઃ અંકલેશ્વર ઈન્ડસ્ટ્રિઝ એસોસિએશન (એઆઈએ) દ્વારા અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં ઈએસઆઈસી હોસ્પિટલ સામે યુટીલીટી પ્લોટ ખાતે ૧૬મો એઆઈએ ત્રણ દિવસીય ઈન્ડસ્ટ્રિયલ એક્સપોનો ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો છે. તા.16,17 અને 18 એપ્રિલ સુધી યોજાનાર આ મેગા ઈન્ડસ્ટ્રિયલ પ્રદર્શન ઉદ્યોગ જગત માટે મહત્ત્વપૂર્ણ પ્લેટફોર્મ બની રહ્યું છે.



પ્રવીણ તેરૈયા

આ ઈન્ડસ્ટ્રિયલ એક્સ્પોમાં ઈન્ડસ્ટ્રિયલ ક્ષેત્ર સાથે સંકળાયેલા નાના-મોટા મળી કુલ ૧૨૫થી વધુ સ્ટોલ ઊભા કરવામાં આવ્યા છે, જેમાં ફાર્માસ્યુટિકલ્સ, કેમિકલ્સ, પેટ્રોકેમિકલ્સ, પોલીમર્સ, એગ્રીકલ્ચર પેસ્ટિસાઈડ્સ, ઓઈલ એન્ડ લુબ્રિકન્ટ્સ, એન્જિનિયરિંગ ટૂલ્સ એન્ડ મશીનરી, પ્રોસેસ કંટ્રોલ સિસ્ટમ, પોલ્યુશન કંટ્રોલ ઈક્વિપમેન્ટ, ઈલેક્ટ્રિકલ્સ તથા ઈલેક્ટ્રોનિક્સ સહિત વિવિધ ઉદ્યોગોએ ભાગ લીધો છે. આ ઈન્ડસ્ટ્રિયલ એક્સપોનું ઉદઘાટન આરતી ઈન્ડસ્ટ્રિઝના પ્રેસિડેન્ટ તથા સીએચઆરો મનોજકુમાર શર્મા, સુદર્શન ગુજરાત મેન્યુફેક્ચરિંગ કંપનીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ડી.કે.રાણા તેમજ કોહિઝોન લાઈફ સાયન્સના ચીફ ઓપરેશન્સ એન્ડ એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સી.બી. ભારદ્વાજના હસ્તે કરવામાં આવ્યું હતું. ઉદઘાટન બાદ એક્સ્પોને મુલાકાતીઓ માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. આ પ્રસંગે એ.આઈ.એ. આનંદપુરા ટ્રોફી વિતરણ કાર્યક્રમ પણ યોજાયો હતો. જેમાં માઈક્રો, સ્મોલ, મીડિયમ તથા લાર્જ ઈન્ડસ્ટ્રિયલ યુનિટોમાં બેસ્ટ એક્સપોર્ટ અને હાઈએસ્ટ મેન્યુફેક્ચરિંગ ટર્નઓવર માટે વિજેતા થયેલ ઉદ્યોગોને મહાનુભાવોના હસ્તે ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.

### ભરૂચમાં અંધારાનો લાભ લઈ તસ્કર ઘરમાં ઘૂસ્યો, પણ બાઈક નંબર છોડી ગયો!

ભરૂચઃ શહેરના રતન તળાવ વિસ્તારમાં આવેલ મોહન બાગ સામેના એક મકાનમાં રાત્રિના સમયે તસ્કરો ત્રાટક્યા હોવાની ઘટના સામે આવી છે. મૂળ કાનપુરના અને હાલ ભરૂચમાં ફાઈનાન્સ કંપનીમાં કાર્યરત સંદીપ કઠેરિયાના ઘરમાં ગત 12 એપ્રિલની મધ્ય રાત્રિએ અજાણ્યો શખ્સ ઘૂસી આવ્યો હતો. ઉપરના માળે રહેતા પાડોશીની બૂમો સાંભળી જાગી ગયેલા સંદીપે ચોરનો પીછો કર્યો હતો, પરંતુ તસ્કર બાઈક પર ફરાર થઈ ગયો હતો. જો કે, ભોગ બનનારે બાઈકનો નંબર નોંધી લીધો હતો. તસ્કર ઘરમાંથી મોબાઈલ, સ્માર્ટ વોચ અને રોકડ સહિત કુલ રૂ.23,500નો મુદ્દામાલ ચોરી ગયા છે. આ મામલે એ-ડિવિઝન પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### સજોદમાં જુગાર રમતા 4 ઝડપાયા

અંકલેશ્વરઃ અંકલેશ્વરના સજોદમાં આમલાખાડી કિનારે બાવળના ઝાડ નીચે જુગાર રમાતો હોવાની બાતમીના આધારે અંકલેશ્વર રૂરલ પોલીસે દરોડા પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી રોકડા મળી કુલ 15 હજારથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને જુગારી ચીમન ડાહ્યા પટેલ, જયંતી ધીરજ વસાવા, પ્રવીણ રમણ પટેલ અને નટવર વસાવાને ઝડપી પાડ્યો હતો.

## કડોદરા ભાજપમાં મોટું ઓપરેશન: શિસ્તભંગ બદલ 4 નેતા ઘરભેગા

**કડોદરા** નગરપાલિકા ચૂંટણીમાં બળવો કરતાં બાગીઓ 6 વર્ષ માટે સસ્પેન્ડ, પક્ષવિરોધી પ્રવૃત્તિ કરનારામાં ફફડાટ

પલસાણાઃ પલસાણાની કડોદરા નગરપાલિકામાં ભાજપ દ્વારા ટિકિટ ફાળવણીમાં કરાયેલા નિર્ણયો સામે પક્ષના પાયાના કાર્યકરો અને હોદ્દેદારોમાં ભારે નારાજગી જોવા મળી હતી. ભાજપમાંથી ટિકિટ નહીં મળતાં બળવો કરી અપક્ષ ઉમેદવારી કરનાર ભોળાભાઈ ભરવાડ સહિત ચાર નેતાને ભાજપ દ્વારા 6 વર્ષ માટે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. ચલથાણના ભૂતપૂર્વ ઉપસરપંચ ભોળાભાઈ એ.ભરવાડે ટિકિટ ન મળતાં પક્ષ સામે બળવો પોકાર્યો છે. ભોળાભાઈએ અપક્ષ ઉમેદવારી નોંધાવીને ભાજપના સત્તાવાર ઉમેદવારો સામે સીધો પડકાર ફેંક્યો છે. આ બળવામાં તેમની સાથે કડોદરા નગર ભાજપ બક્ષી પંચ મોરચાના પ્રમુખ રાજુભાઈ એ. ભરવાડ, ઉપપ્રમુખ પ્રતાપભાઈ પ્રજાપતિ અને યુવા મોરચાના મહામંત્રી કૃણાલ રાઘવાણી પણ જોડાયા છે. તેમણે ભાજપ વિરુદ્ધ સોશિયલ મીડિયા પર પણ પક્ષને નુકસાન થાય તેવી ટિપ્પણીઓ કરી હતી.

પક્ષવિરોધી પ્રવૃત્તિ અને શિસ્તભંગના પગલે સુરત જિલ્લા ભાજપ પ્રમુખ ભરતભાઈ રાઠોડે કડક વલણ અપનાવ્યું છે. તેમણે આ ચારેય હોદ્દેદારોને તાત્કાલિક અસરથી આગામી ૬ વર્ષ માટે પક્ષમાંથી સસ્પેન્ડ કર્યા છે. જેના પગલે સમગ્ર નગરમાં રાજકારણ ગરમાયું છે અને પક્ષવિરોધી પ્રવૃત્તિ કરનારામાં ફફડાટ જોવા મળ્યો છે.


**પાસપોર્ટ ખોવાયો છે**

પાસપોર્ટ નંઃ U5859191 જે મારો પાસપોર્ટ ઘરનું રીનોવેશન કરતા કયાંક ખોવાઈ ગયેલ છે જેમને મળે તેમણે નીચેના સરનામે સંપર્ક કરવા વિનંતી.

**પરમાર સંસ્કૃતિ હસમુખભાઈ**
રહેવાસી : ૫/૧૧૧૯, સોમનાથ મહાવેવ સ્ટ્રીટ, હરીપુરા, સુરત, હાલ રહેઃ ૦૮, કૈલાશ રેસીડન્સી, તપોવન સ્કુલ પાસે, કીમ, તા. ઓલપાડ,જી. સુરત - ૩૯૪૧૧૦
મો.નં. 9664930794

Milano MULTIPLEX
બારડોલી
Bhooth Bangla
10:00am, 01:00pm, 03:00pm, 04:00pm, 07:00pm, 09:00pm, 10:00pm
Dhurandhar The Revenge
11:00am, 03:30pm, 08:00pm
Lee Cronins The Mummy
12:00pm, 06:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્કઃ 98791 33333

**સોનાના દાગીનાની હરાજી-વેચાણ નોટીસ**
હરાજી - તા.૧૬/૦૪/૨૦૨૬

**કોસંબા પુર્વ વિભાગ કો.ઓ ક્રેડીટ સોસાયટી લી.**
"સહકાર ભવન" રેસ્ટ હાઉસની સામે, જુના ગામ, કોસંબા, તા.માંગરોલ, જી. સુરત

અહીં નીચે જણાવેલ વ્યકિતઓને જણાવવામાં આવે છે કે, તેમના લોન ખાતામાં તેમની બાકી રકમ ચુકવવામાં નિષ્ફળ ગયા છે. સંસ્થા દ્વારા તેમને રજીસ્ટર્ડ પોષ્ટ મારફત નોટીસ પાઠવવામા આવેલ છે. તેમને બાકી રકમ અને અન્ય ચાર્જીસ તા. ૨૯/૦૪/૨૦૨૬ સુધીમાં ચુકવી તેમની સંસ્થામા સુરક્ષીત ગીરવે મુકેલ સીક્યોરીટીઓ છોડાવવામાં વિનંતી કરવામાં આવે છે. તેમ કરવામાં કસુર થયેથી સંસ્થા દ્વારા નીચે જણાવેલ સીક્યોરીટીઓની તા.૩૦/૦૪/૨૦૨૬ અથવા ત્યારબાદ સંસ્થા અનુકુળ તારીખે અન્ય કોઇપણ પ્રકારની સુચના વિના સવારે ૧૧:૦૦ વાગે દેવાદારોના ખર્ચે જાહેર હરાજીથી સંસ્થાના મકાનમાં વેચાણ કરવામાં આવશે.

| અ. નં | લોન ખાતા નંબર | લોન તારીખ | દેવાદારનુ નામ | દેવાદારનુ સરનામું |
|---|---|---|---|---|
| ૧. | ૨૦૨૩૯૭૩ | ૧૦/૦૨/૨૦૨૨ | અલતાફ યાકુબભાઇ કારભારી | ગોવા ટેકરી,મુ.પો ભાદી, તા,અંકલેશ્વર,જી.ભરૂચ |
| ૨. | ૨૦૨૫૭૯૮ | ૧૮/૦૫/૨૦૨૩ | મુસ્તાકઅલી સતારઅલી | સમુહ વસાહત,મુ.પો.કીમ,તા.ઓલપાડ,જી.સુરત |
| ૩. | ૨૦૨૬૪૬૨ | ૨૦/૧૦/૨૦૨૩ | મોહમદજાવેદ મોહમદસલીમ શેખ | પોલીસ સ્ટેશન પાસે,મુ.પો. મોસાલી,તા.માંગરોલ જી.સુરત |
| ૪. | ૨૦૨૬૪૯૨ | ૨૬/૧૦/૨૦૨૩ | મોહમદઅકરમ મોહમદરફીક મલેક | મસ્જીદ પાસે,મુ.પો.તેલવા, તા,અંકલેશ્વર જી.ભરૂચ |
| ૫. | ૨૦૨૬૫૬૨ | ૧૦/૧૧/૨૦૨૩ | અબદુલરઝાક તવારીકખાન પઠાણ | મુસેજી નગર, મુ.પો.કીમ,તા.ઓલપાડ,જી.સુરત |
| ૬. | ૨૦૨૬૫૮૯ | ૨૨/૧૧/૨૦૨૩ | સબીહાબાનું સઈદમહમદ મલેક | જૂની પંચાયત પાસે,મુ.પો. કોસંબા, તા.માંગરોલ, જી.સુરત |
| ૭. | ૨૦૨૬૮૯૫ | ૩૦/૦૧/૨૦૨૪ | રફીયા મોહમદ તોસીફ પટેલ | મસ્જીદ પાસે, મુ.પો.આંબાવાડી,તા.માંગરોલ, જી.સુરત |
| ૮. | ૨૦૨૬૬૭૭ | ૧૮/૧૨/૨૦૨૩ | ધર્મેશકુમાર મંગુભાઈ પટેલ | સમુસર રોડ, મુ.પો. કરંજ, તા. માંગરોલ, જી.સુરત |
| ૯. | ૨૦૨૬૯૦૩ | ૩૧/૦૧/૨૦૨૪ | ઉવેશ શોકત ભોલાત | ચેન્યા ફળીયું,મુ.પો.પાનોલી, તા,અંકલેશ્વર,જી.ભરૂચ |
| ૧૦. | ૨૦૨૬૮૫૩ | ૨૦/૦૧/૨૦૨૪ | મોહમદસમીર શફીભાઈ કાગજી | અમીન ઝેરોક્ષ પાસે, મુ.પો.કોસંબા તા.માંગરોલ, જી.સુરત |
| ૧૧. | ૨૦૨૭૨૦૫ | ૩૦/૦૩/૨૦૨૪ | સાજેદાબીબી આસીફ મનસુરી | ગીતા નગર, મુ.પો.કીમ, તા.માંગરોલ, જી.સુરત |
| ૧૨. | ૨૦૨૭૪૨૮ | ૧૩/૦૫/૨૦૨૪ | મોહસીન શાદીકભાઈ ભોરાત | લીમડા ફળીયું, મુ.પો.નાની નરોલી, તા.માંગરોલ, જી.સુરત |
| ૧૩. | ૨૦૨૭૨૨૭ | ૦૬/૦૪/૨૦૨૪ | નશરીન અનવરખાન પઠાણ | સીગ્નલ ફળીયુ, મુ.પો. કોસંબા, તા.માંગરોલ, જી.સુરત |
| ૧૪. | ૨૦૨૭૩૦૭ | ૨૪/૦૪/૨૦૨૪ | મોહમદઅઝીમ નાશીર શેખ | ગફ્ફાર ફળીયું, મુ.પો.આમોદ,તા.હાંસોટ,જી.ભરૂચ |
| ૧૫. | ૨૦૨૭૪૦૨ | ૦૯/૦૫/૨૦૨૪ | સોહેલ સઈદ દરસોત | મસ્જીદ ફળીયું.મુ.પો.કોસંબા તા.માંગરોલ, જી.સુરત |

હરાજી સંસ્થા દ્વારા નકકી કરવામાં આવેલ વેચાણની શરતો અને નિયમો આધીન રહેશે, જેની એક નકલ ઊપરોકત દર્શાવેલ સંસ્થા નોટીસ બોર્ડ ઊપર તા.૧૫/૦૪/૨૦૨૬ થી તા.૨૯/૦૪/૨૦૨૬ સુધી પદર્શીત કરવામાં આવશે રસ ધરાવનાર પાર્ટી તેનો અભ્યાસ કરી શકે છે. હરાજીમાં ભાગ લેનાર બિડરને ઊપરોકત શરતો અને વેચાણની શરતોની જાણકારી હોવાનું માનવામાં આવશે.

તારીખ: 16 APR 2026 સ્થળ:કોસંબા અધિકૃત અધિકારી